પ્રેમ પ્રકરણ: સુરત વેસુની બે પિતરાઈ પ્રેમિકા બહેનોના આપઘાતના ત્રણ દિવસમાં બંનેના પ્રેમીઓના આપઘાત

બે પિતરાઈ બહેનોએ પ્રેમીઓએ લગ્નની ના પાડતા ફાંસો ખાધો હતો: પોલીસ

પૂછપરછ બાદ પ્રેમિકાના આપઘાત સ્થળે પહોંચી બંને પિતરાઈ ભાઈઓના આપઘાત

સુરત, તા. ૨૧

ત્રણ દિવસ પહેલા પ્રેમ પ્રકરણમાં યુપીવાસી બે પિતરાઈ બહેનોએ સેકન્ડ વીઆઈપી રોડ વેલંજા રેસીડેન્સીની સામે મિનીગોવા તરીકે ઓળખાતા વિસ્તારના ઝાંડી-ઝાંખરામાં વૃક્ષ સાથે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી. જ્યારે આજે બંને પ્રેમી એવા પિતરાઈ ભાઈઓએ પણ પ્રેમીકાઓએ જે જગ્યાએ મોતને વ્હાલુ કર્યું હતું ત્યાં જ ઝાડ સાથે ફાંસો લગાવી જીવન ટુંકાવી ફાની દુનિયાને અલવીદા કરી દીધી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રેમીકાઓએ કરેલી આત્મહત્યા મામલે અલથાણ પોલીસે બંને પ્રેમીઓને પોલીસ સ્ટેશને નિવેદન માટે બોલાવ્યા હતા. ગઈ કાલે રાત્રિએ પોલીસ સ્ટેશનમાંથી ઘરે જઈ આજે સવારે પ્રેમીઓએ આત્મહત્યા કરી લીધી હતી.

મુળ યુપીના વતની અને ભગવાન મહાવીર કોલેજના કંપાઉન્ડમાં ઝુંપડો બનાવીને રહેતા વર્મા પરિવારની બે પિતરાઈ બહેનો ૨૦ વર્ષીય નિલમ રાજેશ વર્મા અને ૧૮ વર્ષીય રોશની રાકેશ વર્માએ ત્રણેક દિવસ પહેલા વીઆઈપી રોડ વેલંજા રેસીડેન્સીની સામે મિનીગોવા નજીક ઝાંડી ઝાંખરામાં વૃક્ષ સાથે ફાંસો લગાવી આત્મત્યા કરી લીધી હતી.અલથાણ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ તપાસમાં ખુલ્યું હતું કે બંને બહેનો સ્થાનિક વિસ્તારમાં રહેતા અને પારિવારીક સંબંધ ધરાવતા એવા બે પિતરાઈ ભાઈઓના પ્રેમમાં હતી.

મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિ.માં ઈમરજન્સી કેસ ફીમાં પાંચનો વધારો કરી ૨૦ રૂપિયા કરવા કવાયત

ઓપીડી કેસ ફી ૨૦ જયારે ઈમરજન્સી કેસ ફી ૧૫ રૂપિયા હોવાથી વિસંગતતા સર્જાતી હતી: સ્થાયી સમિતિની બેઠકમાં નિર્ણય કરાશે

સુરત, તા. ૨૧

શહેરના અસંખ્ય ગરીબ, મધ્યમ વર્ગના લોકો માટે સારવારની દૃષ્ટિએ આશિર્વાદરૂપ ગણાતી અને મનપા સંચાલિત સ્મીમેર હોસ્પિ.માં ઈમરજન્સી કેસો માટેની રજીસ્ટ્રેશન ફીમાં વધારો કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે. હાલ સ્મીમેર ખાતે ઈમરજન્સી કેસ રજીસ્ટ્રેશન ફી ૧૫ રૂપિયા લેવામાં આવી રહી છે. જેમાં પાંચ રૂપિયાનો વધારો કરીને આ ૨૦ રૂપિયા કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે. સ્મીમેર હોસ્પિ.ના ઓપીડી અને ઈમરજન્સી વિભાગ માટેની રજીસ્ટ્રેશન કેસ ફીમાં વિસંગતતા હોવાની રજૂઆત અગાઉ થઈ હતી. જે મુજબ ઓપીડી કેસ રજીસ્ટ્રેશન ચાર્જ ૨૦ રૂપિયા છે, જયારે ઈમરજન્સી કેસ રજીસ્ટ્રેશન ચાર્જ ૧૫ રૂપિયા લેવામાં આવે છે. ઓપીડી અને ઈમરજન્સી કેસ રજીસ્ટ્રેશન ચાર્જ અલગ અલગ હોવાથી હોસ્પિ.ના સિનિયર અધિકારીઓને પણ વિસંગતતા નજરે ચઢી હતી. બીજી તરફ સિવિલ હોસ્પિ. માં બન્ને ચાર્જ એકસરખા હોવાનું જાણવા મળતા, તેમાં સુધારો કરવાની રજૂઆત કરાઈ હતી. જેમાં હવે ઈમરજન્સી કેસ રજીસ્ટ્રેશન ફી ૧૫ રૂપિયાથી વધારી ૨૦ કરીને, તેને ઓપીડી કેસ રજીસ્ટ્રેશન ફી સમકક્ષ કરવા અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિમાં રજુ કરાઇ છે.

સુરત એરપોર્ટને ઈન્ટરનેશનલનો દરજ્જો મળ્યા બાદ મુસાફરોની સંખ્યામાં વધારો નોંધાયો

સુરત, તા.૨૧

સુરત એરપોર્ટ ખાતે મુસાફરોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ફ્લાઈટ વધવાની સાથે ગત જાન્યુઆરી મહિનામાં મુસાફરોની 1.35 લાખથી પણ વધી ગઈ છે. જે જાન્યુઆરી 2023માં 99 હજાર આસપાસ હતી. ગત જાન્યુઆરી મહિનામાં એર ઈન્ડિયા એક્સપ્રેસની શારજાહ અને દુબઈની ફ્લાઈટથી 4,548 પેસેન્જરો સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આવ્યા છે, જ્યારે 6,449 પેસેન્જરો ગયા છે. આખા મહિનામાં ફ્લાઈટ ઓપરેશન 72 નોંધાયું છે. ડોમેસ્ટિકની વાત કરીયે તો 1,25,149 પેસેન્જરોની અવર જવર નોંધાય છે. આમ, સુરત એરપોર્ટ પર 1,35,963 પેસેન્જરોની અવર જવર નોંધાય છે. જાન્યુઆરી 2023માં જે મુસાફરોની સંખ્યા 99655 હતી તે વધીને જાન્યુઆરી 2024માં 1 લાખ 35 હજાર 963 પર પહોંચી ગઈ છે જેમાં ડોમેસ્ટીક અને ઈન્ટરનેશન મુસાફરોનો સમાવેશ થાય છે.

સુરતના વેસુ ખાતેના હેપ્પી એલિગન્સમા રહેતી

મોડેલ તાનિયાસિંહના આપઘાતનું ઘેરાતુ જતુ રહસ્ય ક્રિકેટર અભિષેક શર્માને એકતરફા મેસેજ કરતી હતી

અભિષેક શર્મા તરફથી કોઈ જ પ્રત્યુતર આપવામાં આવતા નહોતા: તાનિયાના માતા-પિતા સંબંધીઓ અને મિત્રોની પુછપરછ

સુરત, તા. ૨૧

વેસુ ખાતે રહેતી મોડલ તાનીયા ભવાનીએ આત્મહત્યા કરી લેવાના પ્રકરણના તાર આઈપીએલ ક્રીકેટ મેચ સુધી પહોંચ્યા છે. સનરાઈઝર હૈદરાબાદની ટીમના ક્રીકેટર અભિષેક શર્મા સાથે મોડલ તાનીયા સંપર્કમાં હતી જોકે છ મહિના પહેલા તેમની વચ્ચેના સંબંધનો અંત આવી ગયો હતો. અભિષેક તાનીયાને કોઈ પ્રત્યુત્તર આપતો ન હોય સિંગલ સાઈડ તાનીયા દ્વારા મેસેજ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. તાનીયાએ ક્યા કારણોસર આત્યાંતિક પગલું ભર્યું તેનું કારણ હજી સુધી અકબંધ રહ્યું છે ત્યારે પોલીસ દ્વારા અલગ-અલગ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. દરમિયાન તાનીયાના માતા-પિતા, કાકા, સગા સંબંધીઓ તેમજ મિત્ર વર્તુળના પોલીસે નિવેદન લીધા હોવાનું જાણવા મળ્યું છે. તાનીયાએ પ્રેમ પ્રકરણમાં આ પગલું ભર્યું કે બીજુ કોઈ કારણ છે તે હજી સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી.

વેસુના હેપ્પી એલીગન્સમાં રહેતી તેમજ ફેશન ડિઝાઈનર અને મોડલ તાનીયા રામેશ્વરસિંહ ભવાની ઉ.વ.૨૯ એ ગત ૧૯મીના રોજ સવારે તેના બેડરૂમમાં ફાંસો ખાઈ લીધો હતો. આત્મહત્યાના બનાવ અંગે વેસુ પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે તાનીયાના મોબાઈલમાં તેણે કોની કોની સાથે વાત કરી હતી. તેના સીડીઆર મેળવ્યા છે. જેમાં તાનીયાનો સોશિયલ મિડીયા ચેટમાં ઈન્ડીયન પ્રીમીયર લીગની સનરાઈઝર હૈદરાબાદની ટીમમાંથી ક્રીકેટ રમતા અભિષેક શર્મા સાથે વાતચીત થયું હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે. આગામી દિવસોમાં પોલીસ દ્વારા અભિષેક શર્માની પણ પુછપરછ કરવામાં આવી શકે છે. વધુમાં આજે પોલીસે તાનીયાના માતા પિતા, કાકા, મિત્ર વર્તુળો તેમજ સગા સંબંધીઓના પણ નિવેદન લીધા હતા. મોડલ તાનીયાના મોતનું કારણ જાણવા પોલીસ દ્વારા અલગ-અલગ દીશામાં તપાસ કરવામાં આવી રહી છે.

વેડરોડની ચાર વર્ષની માસુમ બાળકી સાથે ૨૯ વર્ષના નરાધમનો બળાત્કાર!

રમતા રમતા ગૂમ થઈ ગયેલી માસુમ બાળકીને એકલી જોઈને ચોકલેટની લાલચ આપી હવસખોર સવાવરુ જગ્યામાં લઈ ગયો હતો

સુરત, તા.૨૧

પંડોળ વિસ્તારના એક શ્રમજીવી પરિવારની ચાર વર્ષની એક બાળકી ગઈકાલે મોડી રાત્રે રમતા રમતા ગુમ થઇ ગઈ હતી.જેને શોધવા માટે ચોકબજાર પોલીસ અને ડીસીબીની ટીમ કામે લાગી હતી.જોકે થોડા સમયબાદ બાળકી વેડરોડની અખંડ આનંદ કોલેજ નજીકથી લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી અને પોલીસે સઘન તપાસ કરીને બાળકીની સાથે દુષ્કર્મ કરનાર નરાધમને ગણતરીના કલાકોમાં જ ઝડપી લીધો હતો.

ગઈકાલે મોડી રાત્રીના સમયે એક બનાવ બન્યો હતો જેમાં વેડરોડના પંડોળ વિસ્તારમાં રહેતા એક શ્રમજીવી પરિવારની એક ચાર વર્ષની બાળકી ઘર નજીકથી રમતા રમતા ગુમ થઇ ગઈ હતી.જેને શોધવા માટે પરિવારના સભ્યોએ ચોકબજાર પોલીસનો સંપર્ક કર્યો હતો.માત્ર ચાર જ વર્ષની બાળકી ગુમ થઇ ગઈ હોય પોલીસે આ બાબતને ખુબ જ ગંભીરતાથી લીધી હતી અને પી.આઈ.વિશાલ વાગડીયા અને ક્રાઈમ બ્રાંચની અલગ અલગ ટીમો બનાવી હતી અને ગુમ થયેલી બાળકી પોલીસને વેડરોડની અખંડ આનંદ કોલેજ નજીક આવેલા કાપડના કારખાના નજીકના એક અવાવરું જગ્યાથી લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. પોલીસે તત્કાળ બાળકીનો કબજો લઈને તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગઈ હતી.

પ્રાથમિક તપાસમાં બાળકીની સાથે દુષ્કર્મ થયું હોવાનું જણાયું હતું.જેને પગલે પોલીસે હવસખોરને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા હતા.જેમાં પોલીસને સફળતા મળી હતી અને પોલીસે બાળકી સાથે દુષ્કર્મ કરનાર અંકિત ઓમપ્રકાશ ગૌતમ (ઉ.વ.૨૯)રહે ગલી નંબર 2 પંડોળ ઈન્ડસ્ટ્રીઝ વેડરોડ મૂળ રહે સિરસાગામ બરીયાલ જી.કાનપુર યુ.પી.ને ઘટના સ્થળની નજીકથી જ ઝડપી લીધો હતો. પોલીસે હવસખોરને શોધવા માટે એક બાદ એક કારખાના ચેક કરવાના શરુ કર્યા હતા.જેમાં એક કારખાનાની નજીકજ અંકિત ગૌતમ ઉભો હતો પોલીસ પાસે તેના સીસીટીવી ફૂટેજ પણ હતા તેમાં તે મેચ પણ થઇ ગયો હતો અને પોલીસને જોતાજ તેને પરસેવો વળી ગયો હતો અને તે પોલીસના હાથમાં આવી ગયો હતો.

હકીકત એવી બની હતી કે બાળકી જયારે તેના ઘર પાસેથી રમતા રમતા ગુમ થઇ ગઈ હતી ત્યારે તેણી અખંડ આનંદ કોલજ નજીકના એક કારખાના પાસે બેસી ગઈ હતી તે સમયે નરાધમ અંકિત ગૌતમ ત્યાંથી પસાર થતો હતો બાળકીને એકલી જોઈને તેણે બાળકીને ચોકલેટ અપાવવાને બહાને લઈ જઈને તેણી સાથે દુષ્કર્મ કર્યું હતું.જોકે બાળકી રડવા લગતા તે બાળકીને ત્યાંજ છોડીને નાસી ગયો હતો.

નીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ

(અગાઉ એડેલવેઈઝ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી) ,રજિસ્ટર્ડ ઓફિસ :,પાંચમા માળે,ટાવર ૩ ,વિંગ-બી,કોહિનૂર સીટી મોલ,કોહિનૂર સીટી,કિરોલી રોડ,કુર્લા (પશ્ચિમ),મુંબઈ - ૪૦૦૦૭૦ બ્રાંચ ઓફિસ : ઓફિસ નં.૩૦૧,૩૦૨,૩૦૩,૩૦૪ ત્રીજા માળે,થર્ડ આય વિઝન બિલ્ડીંગ,આઈઆઈએમ -પાંજરાપોળ રોડ અમદાવાદ-૩૮૦૦૧૫

ઈ-ઓકશન - વેચાણ માટેની ૧૫ દિવસની વૈધાનિક નોટીસ

સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨ અને સિકયુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ ઈ-ઓકશનથી વેચાણ માટે આથી જાહેર જનતાને અને ખાસ દેવાદાર અને જામીનદારને નોટીસ આપવામાં આવે છે કે તેમની નીચે જણાવેલી ગીરો મિલકતો **'જ્યાં છે જેમ છે' અને 'જે છે તે છે'** ના ધોરણે ઈ-ઓકશનથી વેચાણ માટે મુકવામાં આવનાર છે જે **મે.નીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ એડેલવેઈઝ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ તરીકે જાણીતી) માં દેવાદાર(રો),સહદેવાદાર(રો) અને જામીનદારો દ્વારા ગીરો મુકી લોન લીધી હતી તેની વસુલાત માટે** સલામત ધિરાણકર્તાઓ પાસે વાસ્તવિક કબજા સાથેની નીચે જણાવેલી મિલકતોનું વેચાણ કરવામાં આવનાર છે.

અ.નં.	દેવાદાર(રો), સહદેવાદાર(રો), જામીનદાર(રો)ના નામ	લેણી રકમ	અનામત કિંમત અને ઈએમડી	ઓકશનની તારીખ અને સમય	મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય	વાસ્તવિક કબજાની તારીખ
1	હરી પ્રકાશ (દેવાદાર) અને કિમ્મતા હરી પ્રકાશ (સહ દેવાદાર)	રૂ. ૩,૪૬,૪૧૮.૫૮/-(રૂપિયા ત્રણ લાખ છેતાલીસ હજાર ચારસો અઢાર અને અહ્યાવન પૈસા પુરા) તા.૨૦.૦૨.૨૦૨૪ના રોજ વત્તા ભવિષ્યનું વ્યાજ અને કાનૂની ખર્ચ **લોન ખાતા નં. LSURSTH0000092608 ના બાકી**	રૂ.૫,૮૩,૨૦૦/- (રૂપિયા પાંચ લાખ ત્યાંસી હજારબસ્સો પુરા) **અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ.૫૮,૩૨૦/-** (રૂપિયા અહ્યાવન હજાર ત્રણસો વીસ પુરા)	14-03-2024 ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા સુધી(પાંચ મિનીટના અમર્યાદિત વધારા સાથે)	04-03-2024 ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે 3.00 સુધી	27.01.2024

ગીરો મુકેલી મિલકતનું વર્ણન : તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકત ફ્લેટ નં.૨૦૧,બીજા માળે,સુપરબિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૫૪૦ ચો.ફૂટ અથવા ૫૦.૭૫ ચો.મી. અને બિલ્ટઅપ એરિયા ક્ષેત્રફળ ૩૨૪ ચો.ફૂટ અથવા ૩૦.૧૦ ચો.મી. ની સાથે સાંઈદીપ રેસીડેન્સીની અવિભાજિત જમીનનો ભાગ ,બ્લોક નં.૮૮/બી ,(બ્લોક નં.૮૮ પૈકી ૧૦૧ અને ૧૦૨) ક્ષેત્રફળ હે.આરે.૫-૨૧-૭૨ ચો.મી. પૈકી પ્લોટ નં.૨૯૮ થી ૨૨૮ ક્ષેત્રફળ ૬૨૫.૬૨ ચો.મી. કેજેપી મુજબ બ્લોક નં.૮૮/બી/૨૯૮ થી ૮૮/બી/૨૨૮ ક્ષેત્રફળ ૫૬૨.૬ ચો.મી. મોજે ગામ જોલવા ,તા.પલસાણા ,જિ.સુરત

ચતુઃસીમાઃ ઉત્તરેઃ પેસેજ , **દક્ષિણેઃ** બિલ્ડીંગ નં.બી , **પૂર્વેઃ** ફ્લેટ નં.૨૦૮ , **પશ્ચિમે :** ફ્લેટ નં. ૨૦૨

નોંધઃ-૧) ઓકશન વેચાણ વેબ સાઈટ: **https://sarfaesi.auctiontiger.net** દ્વારા થશે અને જે બીડર્સ પાસે માન્ય ઈ-મેલ,ઓળખનો પુરાવો અને ફોટો પુરાવો અને પાનકાર્ડ હોય અને ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસ થી ચુકવણી કરી હોય તેઓ જ આ ઓન લાઈન ઈ-ઓકશનમાં ભાગ લઈ શકશે.
૨) રસ ધરાવતા બીડર્સે ઈએમડીની ચુકવણી ડીમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસથી **એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડની તરફેણમાં મોકલવાના રહેશે.**
બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતા નં. ૬૫૨૨૬૨૪૫૧૯૯ ,સરફાયેસી- ઓકશન - એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ,આઈએફએસસી કોડ SBIN0001593
૩) અરજી બીડ ફોર્મની સાથે ઈએમડી ઓનલાઈન મોકલવાની છેલ્લી તારીખ : ૧૩-૦૩-૨૦૨૪
૪)વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે કૃપયા અમારી વેબસાઈટ ની મુલાકાત લો https://sarfaesi.auctiontiger.net અથવા **શ્રી મૌલિક શ્રીમાળીનો ફોન નં. ૯૧-૬૩૫૧૮૯૬૪૩/ ૯૧૭૩૫૨૮૭૨૭ ઉપર સંપર્ક સાધવો. હેલ્પ લાઈન ઈ-મેલ આઈડી : Support@auctiontiger.net**

મો.નં. ૭૨૦૮૮૩૪૪૬૧ **સહી/ અધિકૃત અધિકારી**
તા.: ૨૨- ૦૨-૨૦૨૪ **વતિ નીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ એડેલવેઈઝ હાઉસિંગ ફાયનાન્સ લિમીટેડ તરીકે ઓળખાતી)**

નીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ

(અગાઉ એડેલવેઈઝ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી) ,રજિસ્ટર્ડ ઓફિસ :,પાંચમા માળે,ટાવર ૩ ,વિંગ-બી,કોહિનૂર સીટી મોલ,કોહિનૂર સીટી,કિરોલી રોડ,કુર્લા (પશ્ચિમ),મુંબઈ - ૪૦૦૦૭૦ બ્રાંચ ઓફિસ : ઓફિસ નં.૩૦૧,૩૦૨,૩૦૩,૩૦૪ ત્રીજા માળે,થર્ડ આય વિઝન બિલ્ડીંગ,આઈઆઈએમ -પાંજરાપોળ રોડ અમદાવાદ-૩૮૦૦૧૫

ઈ-ઓકશન - વેચાણ માટેની ૧૫દિવસની વૈધાનિક નોટીસ

સિકયુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરિટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨ અને સિકયુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ ઈ-ઓકશનથી વેચાણ માટે આથી જાહેર જનતાને અને ખાસ દેવાદાર અને જામીનદારને નોટીસ આપવામાં આવે છે કે તેમની નીચે જણાવેલી ગીરો મિલકતો 'જ્યાં છે જેમ છે' અને 'જે છે તે છેના ધોરણે ઈ-ઓકશનથી વેચાણ માટે મુકવામાં આવનાર છે જે મે.નીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉએડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ તરીકે જાણીતી) માં દેવાદાર(રો),સહદેવાદાર(રો) અને જામીનદારો દ્વારા ગીરો મુકી લોન લીધી હતી તેની વસુલાત માટે સલામત ધિરાણકર્તાઓ પાસે વાસ્તવિક કબજા સાથેની નીચે જણાવેલી મિલકતોનું વેચાણ કરવામાં આવનાર છે.

અ.નં.	દેવાદાર(રો), સહદેવાદાર(રો), જામીનદાર(રો)ના નામ	લેણી રકમ	અનામત કિંમત અને ઈએમડી	ઓકશનની તારીખ અને સમય	મિલકતના નિરીક્ષણની તારીખ અને સમય	વાસ્તવિક કબજાની તારીખ
2	મનોજ રામપ્રીત સહાની(દેવાદાર) અને આશા દેવી રામપ્રીત સહાની (સહ દેવાદાર)	રૂ.૮,૨૯,૩૮૮.૫૮/- (રૂપિયા આઠ લાખ ઓગણત્રીસ હજાર ત્રણસો અઠ્ઠયાંસીએને અઠ્ઠાવન પૈસા પુરા) **તા.૨૦.૦૨.૨૦૨૪**ના રોજ વત્તા ભવિષ્યનું વ્યાજ અને કાનૂની ખર્ચ **લોન ખાતા નં.LSURSTH0000037384 ના બાકી**	રૂ.૭,૫૧,૬૮૦/- (રૂપિયા સાત લાખ એકાવન હજાર છસ્સો એંસી પુરા) **અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ.૭૫,૧૬૮/-** (રૂપિયા પંચોતેર હજાર એકસો અડસઠ પુરા)	14-03-2024 ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા સુધી (પાંચ મિનીટના અમર્યાદિત વધારા સાથે)	01-03-2024 ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે 3.00 સુધી	04-10-2023
3	નિતીન રાવજીભાઈ રાઠોડ (દેવાદાર)અને મંજુલાબેન રાવજીભાઈ રાઠોડ (સહ દેવાદાર)	રૂ. ૧૫,૪૪,૬૨૮.૪૮/- (રૂપિયા પંદર લાખ ચુમ્માલીસ હજાર છસ્સો અઠ્ઠાવીસ અને અડતાલીસ પૈસા પુરા) **તા.૨૦.૦૨.૨૦૨૪** સુધીના વત્તાભવિષ્યનું વ્યાજ અને કાનૂની ખર્ચ **લોન ખાતા નં. LSUROHL0000086145 ના બાકી**	રૂ. ૧૨,૫૭,૩૦૦/- (રૂપિયા બાર લાખ સત્તાવન હજાર ત્રણસો પુરા) **અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ. ૧,૨૫,૭૩૦/-** (રૂપિયા એક લાખ પચ્ચીસ હજાર સાતસો ત્રીસ પુરા)	12-03-2024 ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા સુધી (પાંચ મિનીટના અમર્યાદિત વધારા સાથે)	01-03-2024 ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે 3.00 સુધી	10-09-2023

ગીરો મુકેલી મિલકતનું વર્ણન : તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી રહેણાંક મિલકતફ્લેટ નં.૧૦૨/બી-૧ પહેલા માળે,ક્ષેત્રફળ ૮૮૫.૦૦ ચો.ફૂટ અથવા ૮૨.૨૪ ચો.મી. સુપર બિલ્ટઅપ એરિયાની સાથે શુકન રેસીડેન્સી એપાર્ટમેન્ટ,વિંગ-બી સાંઈ પાર્ક ભાગ-રનીઅવિભાજિત જમીનનો ભાગ સી.સ.નં.૧૮૫૫/૮૨ પૈકી પ્લોટ નં.૮૨ કુલ ક્ષેત્રફળ ૦૨૭.૬૫ ચો.મી. મોગરવાડી,તા.વલસાડ જિ.વલસાડ
ચતુઃસીમાઃઉત્તરેઃ ખુલ્લો રોડ , **દક્ષિણેઃ** ફ્લેટ નં.૧૦૧/બી-૨ , **પૂર્વેઃ** ફ્લેટ નં.૧૦૨/એ-૧ , **પશ્ચિમે :** ફ્લેટ નં.૧૦૨/એન-૨

4	દિનેશકુમાર દોલતસિંહ પરમાર (દેવાદાર) અને અજયભાઈ દોલતભાઈ પરમાર (સહ દેવાદાર)	રૂ.૬,૫૩,૮૪૧.૧૫/- (રૂપિયા નવ લાખ ત્રેપન હજાર આઠસો એકતાલીસ અને પંદર પૈસા પુરા) **તા.૨૦.૦૨.૨૦૨૪** સુધીના વત્તાભવિષ્યનું વ્યાજ અને કાનૂની ખર્ચ **લોન ખાતા નં. LSURSTH000050534 ના બાકી**	રૂ.૫,૯૩,૭૦૬/- (રૂપિયા પાંચ લાખ ત્રાણુ હજાર સાતસો છ પુરા) અર્નેસ્ટ મની ડીપોઝીટ : રૂ. ૬૫,૬૬૦/- (રૂપિયા પાંસઠ હજાર નવસો સડસઠ પુરા)	13-03-2024 ના રોજ સવારે ૧૧ થી બપોરે ૧૨ વાગ્યા સુધી (પાંચ મિનીટના અમર્યાદિત વધારા સાથે)	01-03-2024 ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે 3.00 સુધી	13-08-2023

ગીરો મુકેલી મિલકતનું વર્ણન : તમામ ખંડ કે અખંડિત ભાગની બનેલી મિલકતફ્લેટ નં.૨૦૮,બીજા માળે,ક્ષેત્રફળ ૫૪૦ ચો.ફૂટ અથવા ૫૦.૧૭ચો.મી.બિલ્ટઅપ એરિયા અને ૩૨૪ ચો.ફૂટ અથવા ૩૦.૧૦ ચો.મી. બિલ્ટઅપ એરિયાની સાથે શિવકમલ રેસીડેન્સીબિલ્ડીંગ નં.એ ની અવિભાજિત જમીનનો ચો.મી.ભાગ ,બ્લોક નં.૮૮/બી(બ્લોક નં.૮૮ પૈકી ૧૦૧,૧૦૨) ક્ષેત્રફળ પ-૨૧-૭૨ ચો.મી.સાંઈદિપ રેસીડેન્સી પૈકી પ્લોટ નં.૨૧૮ થી ૨૨૮ કુલ ક્ષેત્રફળ ૬૧૪.૬૪ ચો.મી. કેજેપી બ્લોક નં.૮૮/બી/૨૧૮ થી ૮૮/બી/૨૨૮ ક્ષેત્રફળ ૫૬૨.૬ ચો.મી. મોજે ગામ જોલવા ,તા.પલસાણા ,જિ.સુરત
ચતુઃસીમાઃઉત્તરેઃ પેસેજ , **દક્ષિણેઃ** બિલ્ડીંગ નં.બી , **પૂર્વેઃ** ફ્લેટ નં.૨૦૭ , **પશ્ચિમે :** ફ્લેટ નં.૨૦૧

નોંધઃ-૧) ઓકશન વેચાણ વેબ સાઈટ: https://sarfaesi.auctiontiger.net દ્વારા થશે અને જે બીડર્સ પાસે માન્ય ઈ-મેલ,ઓળખનો પુરાવો અને ફોટો પુરાવો અને પાનકાર્ડ હોય અને ઈએમડી ડીમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસ થી ચુકવણી કરી હોય તેઓ જ આ ઓન લાઈન ઈ-ઓકશનમાં ભાગ લઈ શકશે.
૨) રસ ધરાવતા બીડર્સે ઈએમડીની ચુકવણી ડીમાન્ડ ડ્રાફ્ટ/એનઈએફટી/આરટીજીએસથી એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડની તરફેણમાં મોકલવાના રહેશે.
બેંકનું નામ : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ખાતા નં. ૬૫૨૨૬૨૪૫૧૯૯ ,સરફાયેસી- ઓકશન - એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ,આઈએફએસસી કોડ SBIN0001593
૩) અરજી બીડ ફોર્મની સાથે ઈએમડી ઓનલાઈન મોકલવાની છેલ્લી તારીખ : **મ.નં.૨ માટે ૧૩.૦૩.૨૦૨૪ અને અ.નં. ૩ માટે ૧૧.૦૩.૨૦૨૪અને અ.નં.૪ માટે ૧૨-૦૩-૨૦૨૪**
૪)વેચાણના વધુ નિયમો અને શરતો જાણવા માટે કૃપયા અમારી વેબસાઈટ ની મુલાકાત લો https://sarfaesi.auctiontiger.net અથવા શ્રી મૌલિકશ્રીમાળીનો ફોન નં. ૯૧-૬૩૫૧૮૯૬૪૩/ ૯૧૭૩૫૨૮૭૨૭ ઉપર સંપર્ક સાધવો. હેલ્પ લાઈન ઈ-મેલ આઈડી : Support@auctiontiger.net

મો.નં. ૭૨૦૮૮૩૪૪૬૧ **સહી/અધિકૃતઅધિકારી**
તા.:૨૨-૦૨-૨૦૨૪ **વતિનીડો હોમ ફાઈનાન્સ લિમીટેડ**
(અગાઉએડેલવેઈઝહાઉસિંગ ફાયનાન્સ લિમીટેડ તરીકે ઓળખાતી)

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમીટેડ

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં.૮૦૨,નટરાજ રૂસ્તમજી,વેસ્ટર્ન એકસપ્રેસ હાઈ વે અને સર એમ.વી.રોડ,અંધેરી (પૂર્વ) મુંબઈ - ૪૦૦૦૬૯
સુરત પરવત પાટીયા બ્રાંચ : દુકાન નં.૩૧૨ અને ૩૧૩,ટાઈમ્સ ગેલેરીયા,સારોલી ગામના ગેટ નજીક,કુબેરજી ટેક્ષટાઈલ માર્કેટની સામે,કડોદરા-સુરત રોડ,સુરત -૩૯૫૦૧૦ જીજે **અધિકૃતઅધિકારી : અમિતકુમાર સોની, મો.નં. : ૯૯૧૩૩૩૨૧૪**

સરફાયેસી એકટ,૨૦૦૨ ની જોગવાઈ મુજબ ખાનગી કરારથી મિલકતનું વેચાણ

નીચે સહી કરનાર આધાર હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ (એએચએફએલ)નાઅધિકૃતઅધિકારીએ સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટસ એન્ડ એન્ફોર્સમિન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ (ધ સરફાયેસી એકટ,૨૦૦૨) હેઠળ નીચે જણાવેલી સ્થાવર મિલકત (સુરક્ષિત સંપત્તી) ના વેચાણ માટે અધિકૃત અધિકારીને કેટલાક રસ ધરાવનારાઓ તરફથી નીચે જણાવેલી વાસ્તવિક કબજાવાળી મિલકતો માટે ઓફરો મળી છે જે નીચે જણાવેલા દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે કબજે લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતોનું સિક્યુરિટી ઈન્ટર